# ધોળકાના મહે.એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં

---

<u>ક્રિમીનલ કેસ નંબરઃ–૩૫૧/૨૦૨૬</u>

**<u>આંક – ૧ નીચે હુકમ</u>**

સદર કામે આરોપી સામે પ્રોહી.એકટની કલમ– **65AA** મુજબનું ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે. આરોપીને સમન્સ કરતા આજરોજ આરોપી હાજર રહેલ છે. આરોપી ગુના બાબતે પોતાની મરજી અને સ્વેચ્છાએ સદર ગુનો કબુલ કરવાનું જણાવે છે અને તે બાબતે તેઓએ પોતાની ગુના કબુલાત પુરસીસ પણ આ કામે રજુ રાખેલ છે તેની વિગતો વંચાણે લેતા આરોપી સ્વૈચ્છિક કબુલાત કરતા હોવાનું ફલીત થાય છે. કેસના સંજોગો, આરોપીની કેફિયત અને તેની કૌટુંબિક જવાબદારીને ધ્યાને લેતા તથા તે સ્વેચ્છાએ ગુનો કબુલ કરતો હોઇ તે તમામ હકીકતને ધ્યાને લેતા અને આ કામે ગુનાની ગંભીરતા અને કાયદામાં ફરમાવેલ ગુનાની સજાની જોગવાઇને ધ્યાને લેતા ન્યુનતમ સજા બાબતની જોગવાઇ કરવામાં આવેલ છે. પરંતુ તે તમામ હકીકતની સાથે સાથે આરોપીની વર્તણુ ક અને તેને કબુલાત પુરશીશ મા કરેલ સ્વીકૃતિની હકીકત ધ્યાને લેતા તથા તેની સામે અન્ય કોઇ ગુના નોંધાયેલા હોય તેવુ હાલ કોઇ પુરાવો આ કામે ચાર્જશીટ સાથે રજુ રાખેલ ન હોય તે તમામ હકીકત અને આરોપીની આર્થિક તેમજ કૌટુંબિક પરિસ્થિતિ અને જવાબદારીને ધ્યાને લેતા તેમજ સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદજી ઠાકોર જી.એલ.આર.૨૦૦૫, પાના નં.૭૦૯ ના ચુકાદામાં નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા પ્રસ્થાપિત કરેલ છે કે **''જો આરોપીનો પ્રથમ ગુનો હોય અને હળવી સજા કરવા માટે પુરતા કારણો જણાઈ આવતાં હોય તો કોર્ટ કાયદામાં ઠરાવેલ મહતમ સજા કરતાં પણ ઓછી સજા ફરમાવી શકે છે.''** વધુમા **આરોપીની દયાની માંગણીને ધ્યાને લેતાં રહેમ દ્રષ્ટિ રાખી અને હાથ પરના કેસના સંજોગો જોતા તે આ કેસમાં લાગુ પાડી શકાય તેમ હોવાનું આ કોર્ટનું માનવું હોઇ આરોપીને કાયદામાં ફરમાવેલ ન્યુનતમ સજાને બદલે ઓછી સજા કરવામાં આવે તો યોગ્ય અને ન્યાયોચિત જણાશે તેવું આ કોર્ટનું માનવું હોઇ ન્યાયના હીતને ધ્યાને લેતાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છુ.**

**<u>હુકમ</u>**

આરોપી **વીજુબેન પરેશભાઈ ચુનારા** રે. વૌઠા,તા.ધોળકા નાઓને બી.એન.એસ.એસની કલમ–૨૬૪ અન્વયે ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–મુજબના શિક્ષાપાત્ર ગુના અંગે તકસીરવાન ઠરાવવામાં આવે છે અને આરોપીને ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ– **65AA** ના ગુનામાં સંયુકત રૂ.૧૦૦/– (અંકે રૂપીયા સો પુરા) નો દંડ કરવામાં આવે છે તેમજ કોર્ટ ઉઠતા સુધીની સજા કરવામાં આવે છે. જો આરોપી દંડ ભરવાની કસુર કરે તો દિન–૫ (પાંચ) ની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

મુદ્દામાલનો અગાઉ જો કોઇ વચગાળાના તબક્કે હુકમ કરવામાં આવેલ હોય તો તે કાયમ કરવામાં આવે છે અન્યથા મુદામાલનો અપીલ સમયબાદ નાશ કરવાનો હુકમ કરવામા આવે છે.

હુકમ આજરોજ તારીખ– ૧૪ મી માહે માર્ચ સને ૨૦૨૬ ના રોજ સપેશ્યિલ સીટીંગ ઓન નેશનલ લોક અદાલતમાં જાહેર કર્યો.

તારીખ : ૧૪/૦૩/૨૦૨૬
સ્થળ :ધોળકા

**(બી.એમ.ગઢિયા)**
એડીશ્નલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
ધોળકા
સ્પેશ્યલ સીટીંગ ઓન નેશનલ લોકઅદાલત
યુનીક જજ કોડ–જી.જે.૦૧૧૭૬

**રૂપિયા ૧૦૦/– (અંકે રૂપિયા સો પુરા)**
**પો.નં. થી વસુલ લીધા.**
**તા.૧૪/૦૩/૨૦૨૬**

**નાઝીર**